

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*આપણા 'વાણી-વીરો'ને કાશ્મીરી ચિંતા સતાવે છે,*
*હલતું નથી પેટનું પાણી પ્રજાને ધૂતાવે છે,*
*પતાવે છે નાટક કરારનું આ 'વિશ્વપ્રવાસી'-*
*હવે તો મહેબૂબા પણ લાલ-આંખ બતાવે છે...*

### હાઈકુ

*ચાર ને મારી*
*પાંચ થાય શહીદ*
*છતાં ય ગાજે !*

*'છોડશું નહી !'*
*પણ બાંધશો ક્યારે ?*
*ઈ તો પ્હેલાં ક્યો ?!*

*(સીતારામનબેન ?!)*

### ચિંતન

**સંસ્કૃત મેં પંડિત વદે, બહુત કરે અભિમાન**
**ભાષાહી કે જોર સે, તર્ક કરે નાદાન !**

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જેની પાસે થોડું ધન હોય તેવા પોતાને શ્રીમંત માનતા અને ગણાવતાં લોકોના શરીરનો, ઘરનો અને રહેણીકરણીનો ઠાઠમાઠ કંઈ ઓર જ હોય છે. ખરા શ્રીમંતો જેમણે પૈસો પચાવી જાણ્યો છે તેઓ સફાઈ રાખશે પણ ડોળ-દંભ નહીં કરે. તેમ જેઓ ભાષાજ્ઞાન પામીને પંડિત થઈ બેઠા છે, તેઓ બે પાંચ માણસને એકઠાં થયેલા જોઈ સંસ્કૃતભાષા કે તેવી વાણીમાં પોતે મેળવેલા જ્ઞાનનો બકવાસ કરી ઉપદેશ આપવા લાગશે.

આવા ફક્ત ભાષાજ્ઞાનને જોરે તર્ક કે ન્યાયશાસ્ત્રમાં ચાંચ ડૂબાડવાનો પ્રયત્ન કરે તે કેવું હાસ્યાસ્પદ છે ? કબીર કહે છે કે ભાષાજ્ઞાન એક શસ્ત્ર છે લક્ષ્યબિંદુ નહીં, આવા જ્ઞાનની કિંમત કેટલી આંકવી તે વિચારવંત પુરુષોએ જ નક્કી કરવું રહ્યું.

### સુવિચાર

- શું મૃત્યુ અંતિમ નિંદ્રા છે ? નહિ, આ અંતિમ ચેતવણી છે. - **ચાર્લ્સ ફ્રોઈન**
- જો આપણે એકબીજાની મુસીબતો ઓછી કરવામાં ખુશી ન અનુભવીએ તો જીવવામાં શી મજા છે ? - **જ્યોર્જ ઈલીયર**
- સર્વથી અધિક પ્રાપ્તિ તેને થાય છે જે સંતોષી છે - **શેક્સપિયર**
- માનવતાનું ડહાપણ બે વાક્યોમાં સમાઈ જાય છે, રાહ જુઓ, આશા રાખો - **એલેક્ઝાન્ડર ડુમા**
- બે દરકાર વ્યક્તિની પત્નિ વિધવા જેવી છે - **હંગેરીની કહેવત**
- સમુદ્રની પ્રશંસા કરો પરંતુ આપના પગ જમીન પર હોવા જોઈએ - **હર્બટ**
- આજનું ઔષધ : ખાખરાના બીજ ધીમા તાપે શેકીને ભૂકો કરી નાની ચમચી રોજ સાંજે બાળકને મધ સાથે આપવાથી કૃમિ નાશ પામે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

આઝાદીની ચળવળ વખતે સરદાર પટેલ જેલમાં ગયા હતાં ત્યારે એમના જેવા બીજા ઘણા નેતાઓ તેમની સાથે હતા. જેલમાં ખુલ્લું મેદાન જોઈ બધા મહાનુભાવોમાં ચર્ચા ચાલી કે આ મેદાનને સરસ બગીચામાં ફેરવવું.

સરદાર પટેલે આગેવાની લીધી. અને એ મેદાનની જમીનને ઓળખી લઈ પોતાની સુઝ પ્રમાણે ફુલના બીજ મંગાવ્યા, નહેરુ, સરદાર અને બીજા મહાનુભાવો પણ ઉત્સાહથી આ કામમાં જોડાયા. સરદાર બાગકામના શોખીન હતા એમણે નહેરુને કહ્યું 'જેમ આ બીજ રોપીને આ ખાલી મેદાનને આપણે સુંદર બગીચામાં ફેરવવા જઈ રહ્યા છીએ તેજ રીતે આપણે આઝાદ ભારતમાં આપણી મહેનત થકી સમગ્ર દેશને એક સુંદર બગીચા જેવો બનાવીશું જ્યાં બધા ધર્મના લોકો સંપીને પ્રેમથી રહેશે.

છ મહિનામાં વેરાન મેદાન સુંદર ફુલોથી ભરેલ બગીચામાં ફેરવાઈ ગયું. જેલવાસ પૂરો થતા સરદારે ફુલોના બીજ ભેગાં કર્યા અને નહેરુએ તેમની સાથે રહી ગુલાબ, મોગરા, જાસુદ, જૂઈ વગેરેના બીજના પડીકા બનાવ્યા અને છૂટા પડતી વખતે એ બગીચામાં શ્રમદાન કરનાર સૌને સમુહજીવનની મધુર યાદગીરી રૂપે બીજ આપીને કહ્યું 'સૌએ આ બીજ તેમના ઘરના બગીચામાં વાવવાના છે.'

# શહેરી વિસ્તારોમાં ભાજપની બોલબાલા

**તંત્રીસ્થાનેથી...**

દલિત આક્રોશના વાતાવરણ વચ્ચે થયેલ મતદાનમાં પણ ભારતીય જનતા પાર્ટી પંચોત્તેરમાંથી સુડતાલીસ નગરપાલિકાઓમાં એનો વિજયધ્વજ ફરકાવી શકી છે તે એનાં મૂળીયાં શહેરી વિસ્તારોમાં કેટલાં ઊંડા છે એની જ પ્રતીતિ કરાવે છે. આ દિવસો દરમિયાન નીરવ મોદીના પ્રચંડ બેન્ક કૌભાંડના સમાચારો પણ મીડિયામાં છવાયેલા હતા. એથી શહેર વિસ્તારમાં નાગરિકોને તંત્રની કૌભાંડકારીઓ સાથેની સાંઠગાંઠનો અણસાર પણ આવ્યો જ હોય. તેમ છતાં મોટા ભાગની શહેરી પ્રજાએ ગુજરાતમાં શાસક પાર્ટી સાથે જ રહેવામાં શ્રેય જોયું હોય તો તેની પાછળ સૌથી મહત્ત્વનું કારલ હાલ જે પાર્ટી કેન્દ્ર અને રાજય- બેઉમાં સત્તા સ્થાને છે એને અનકૂળ રહેવાનું વલણ જ ફાયદાકારક રહેશે એવી કોઠાસૂઝ. નગરપાલિકાઓ પાસે સુવાંગ સત્તા નથી. એ તો ખંડિયા રાજાઓનાં રજવાડાં જેવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ છે. રાજય કે કેન્દ્રમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ નોકરશાહી પાસે ધાર્યું કામ કરાવી શકે છે, જયારે નગરપાલિકાનો ચીફ ઑફિસર કે ગ્રામપંચાયતનો તલાટી તો એની નોકરીને જ વફાદાર રહેવાનો. નગરપાલિકાઓનો પ્રમુખ કહેવા પૂરતો એનો બૉસ ગણાય, બાકી એને તો બ્યુરોક્રસીના ઉપરી અધિકારીઓના આદેશ પાળવાના રહે છે. એ પોતાની સલામતી જોખમમાં મૂકી વિપક્ષના આગેવાનોને ઑબ્લાઈઝ કરવાનું ભાગ્યે જ પસંદ કરશે.

આ વાત શાણા સ્થાનિક આગેવાનો અને મતદારો પણ સમજે છે. તેથી રાજય સાથે મીઠા સંબંધો રાખવા માટે તેઓ પણ શાસક પક્ષ સાથે રહેવાનું જ શ્રેયસ્કર સમજે છે. વિધાન સભાની ચૂંટણી વખતે પણ કેન્દ્રમાં જેનું શાસન હોય તે પાર્ટી તરફી રહેવાનું જ પસંદ કરે છે. તેથી ભારતીય જનતા પાર્ટીએ મોટાભાગની નગરપાલિકાઓ કબેજે કહી હોય તો એનું આશ્ચર્ય ન જ થવું જોઈએ. જરૂરી નથી કે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે આ બધા જ નગરપાલિકા વિસ્તારો ભારતીય જનતા પાર્ટીની પાંખમાં જ ભરાઈ રહેવાનું પસંદ કરશે. આટલી સાનુકૂળ પરિસ્થિતિમાં પણ ભાજપ પાસેથી અગાઉની સરખામણીએ બાર નગરપાલિકાઓ સરકી ગઈ છે અને કોંગ્રેસને અગાઉ હતી એથી બમણી નગરપાલિકાઓમાં વિજય પ્રાપ્ત થયો છે.

આઠમાંથી સોળના આંકડે પહોંચવું એ સિદ્ધિ તો છે જ. પણ છતાં એક વાત નક્કી કે મોટા ભાગના શહેરી મતદારો એક યા બીજા કારણસર ભારતીય જનતા પાર્ટીની સાથે રહેવાનું પસંદ કરે છે. એમાં સૌથી મોટું અને મહત્ત્વનું કારણ તો વિકાસ જ ગણાય. સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવામાં ભાજપે શહેરી વિસ્તારો પર વધુ ધ્યાન આપ્યું છે. વિકાસ પછીનો મુદ્દો સલામતીનો છે. ભાજપના શાસનકાળમાં કોમી રમખાણો નથી થયાં તે એની મોટી સિદ્ધિ છે. હિંદુત્વનો મુદ્દો બહુમતી મતદારો માટે મહત્ત્વનો છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પક્ષીય રાજકારણ કરતાં સ્થાનિક મુદ્દાઓ વધારે મહત્ત્વના બની રહેતા હોય છે. એથી ઘણા અપક્ષ ઉમેદવારોના ટેકાથી જ ચાલવાની છે. કોંગ્રેસ માટે શહેરી વિસ્તારોમાં ગજું કાઢવાનું કેટલું અઘરું છે એનો અહેસાસ પણ આ પરિણામોથી આવી શકે એમ છે. નગરપાલિકાઓ કરતાં પણ મહાનગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીની મજબૂત પકડ છે. આ બધાં સમીકરણો માંડતાં શહેરીકરણની દોડમાં પડેલી પ્રજાને કઈ રીતે પોતાની સાથે રાખવી તેની વ્યૂહરચના કરવી તે કોંગ્રેસની પ્રાથમિકતા બની રહેશે. ૨૦૧૯માં ભારતીય જનતા પાર્ટીને હંફાવી ન જ શકાય એવું નથી, પણ એ માટે કોંગ્રેસ અને અન્ય સાથી પક્ષોએ ઘણી વધારે મહેનત કરવાની જરૂર છે. શું કોંગ્રેસના પ્રાદેશિક અને રાષ્ટ્રીય નેતૃત્વમાં એવો પ્રચંડ પુરુષાર્થ કરવાની તૈયારી છે?

# એકાએક ખુશનુમા વાતાવરણમાં પલ્ટો આવતાં થોડી ક્ષણો માટે ઉર્વશી જડતર થઈ ગઈ



**નવાં કલેવર**
**નટવર હેડાઉ**

મધ્યમ વર્ગની ઉર્વશી સાસરામાં પોતાને કોઈ પરી કે અપ્સરાથી જરાય, કમ સમજતી ન હતી. અને સમજે પણ શું કામ નહીં, એક તો તે દેખાવે ખુબ જ સુંદર અને રૂપાળી હતી. તેનો લાંબો કેખવલાપ, અણીયાળી આંખો, મલકતા હોઠ અને ચાલમાં જોબનનો ઠસ્સો. તેમાં વળી તેની સાસુ રમાબા એ તેને હીરા અને સોનાના આભૂષણો અને મોંઘાદાટ દુલ્હનનાં વસ્ત્રોથી એવી અપ્રતિમ શણગારી હતી કે જોનાર જોતાં જ રહી જાય.

રમાબાની બહેનપણીઓ, શેરીની બીજી યુવાન સ્ત્રીઓ અને બાલીકાઓ નવોઢાને જોવા ઉમટી પડી હતી. સૌ કોઈ રમાબાનાં વખાણ કરતાં હતા.

'બહેન તમે દીકરાના લગ્નમાં દહેજ ન લઈએ એક જબરજસ્ત દાખલો બેસાડ્યો છે.'

'અરે વહુ, તમારી સાસુને કારણે અનેક વહુ-દીકરીઓનાં જીવન બરબાદ થતાં બચી જશે.'

'આવતા અઠવાડિયે તમને ઉત્કૃષ્ટ સમાજ સેવા માટે કદાચ સન્માનિત કરવાના છે ખરું ને?'

'એ તો બધી તમારા સૌની કૃપા છે.' રમાબા એ કોઈ નેતાના અંદાજમાં હાથ જોડતાં કહ્યું.

'બા તમે આ બાબતમાં શું કહેવા માંગો છો.' એક ચિબાવલી પાડોશણે પૂછ્યું.

'હું તો બસ એટલું જ કહીશ કે જુલ્મ કરવાવાળા કરતાં જુલ્મ સહન કરનાર વધુ ગુનેગાર છે.'

બધી પાડોશણોએ તેમની આ વાત પર હકારમાં માથું હલાવ્યું અને ખુશથતાં પોતપોતાનાં ઘર તરફ ગઈ.

સાંજ ઢળતા આવી હતી. તેનો પતિ ઉર્મિલ હજુ આવ્યો ન હતો. તે વારંવાર બારણાંની બહાર નજર દોડાવતી હતી.

ઉર્વશી આજ ખુબ ખુશ હતી. હૃદયમાં ઉર્મિઓ ઉછાળા મારતી હતી. તે પોતાને નસીબદાર તો સમજતી જ હતી પણ આજે તેને પોતાનું સપનું ઈચ્છાઓથી પણ કંઈક વધુ સાકાર થતું હોય તેમ લાગતું હતું. તે પોતાની મમતામયી સાસુ પગ ધોઈ પોતાના જીવનને સફળ કરવા માંગતી હતી.

ઉર્વશી હવે એકલી પડી હતી. તે આ ક્ષણની જ વાટ જોતી હતી. તે પોતાની સાસુના ખોળામાં માથું રાખીને દિવંગત માં ના સ્પર્શનો અહેસાસ કરવા માંગતી હતી. તે બેઠી થઈ અને જયાં તેની સાસુની નજીક પહોંચી ત્યાં તો તેની સાસુ ત્રાડુકી ઊઠી.

'વહુ તું એવું ન સમજતી કે અમે તને અહીં રાણી બનાવીને રાખીશું. ઘરનાં બધાં કામ તારે જકરવા પડશે. તારે સવારના વહેલા ઊઠી જવાનું જેથી સમયસર ચ્હા નાસ્તો બની શકે. ઉર્મિલ ઑપિસે જાય એટલે કપડાં ધોઈ નાંખવાનાં અને અગાસી પર જઈ સુકવી આવવાનાં, હૂં પૂજા કરી લઉં એટલે મને બીજી વખત ચ્હા જોઈએ છે તેની તને ખબર હોવી જોઈએ. તારા સસરાનો સાડા દસે પેઢી પર જવાનું હોય છે. જેથી જમવાનું તૈયાર થઈ જવું જોઈએ.'

'હા, બા' ઉર્વશીએ કહ્યું.

'અને હાં, બપોરે ઘોરવાનું નથી સમજીને ઘરની સાફસફાઈ, અનાજ, મસાલા બધું બરાબર ચોખ્ખું જોઈએ. તે પછી શાક માર્કેટમાંથી શાકભાજી લેવા પણ તારે જ જવું પડશે. હું મંદિરે જઈને આવું તે દરમિયાન ટી.વી. જોવા કે મોબાઈલ મચેડવા બેસી ના જતી. સાંજે તારા સસરા વહેલા આવે છે. થાકી પણ ગયા હોય. તેમના માટે જમવાનું તૈયાર જોઈએ સમજીને.'

'જી, બા તમે કહેઓશો એમ જ થશે.' ઉર્વશી જાણે સાસુનું બીજું રૂપ જોઈ રહી હતી.

'એક વાત બીજી પણ સાંભળી તે, કાલે પગફેરાનો રીવાજ કરવા પિયરમાં જાય ત્યારે તારા બાળ પાસેથી પાંચ લાખ રૂપિયા લેતી આવજે.'રમાલાનો ચહેરો વિકૃત થઈ ગયો હતો. ઉર્વશીનો પતિ આવી તો ગયો હતો પણ તે ચૂપચાપ ઊભો ઊભોમાંની હાં માં હા મિલાવી રહ્યો હતો.

એકાએક ખુશનુમા વાતાવરણમાં પલ્ટો આવતાં થોડી ક્ષણો માટે તો ઉર્વશી જડતર થઈ ગઈ. તેની તમામ જીજ્ઞાસાઓ શાંત થઈ ગઈ હતી.

પરંતુ અચાનક તેણે ચંડી સ્વરુપ ધારણ કર્યું અને બોલી, 'તમે એ વાત બરાબર કરેલી કે જુલમ સહન કરનાર જુલમ કરનાર કરતાં વધુ ગુનેગાર છે.'

એટલું કહી ઉર્વશી સાસરાના ઘરનો ઉંબરો ઓળંગી ચાલી નીકળી ત્યારે પેલાં માં દીકરો કોઈ પંખીઓની પાંખો કપાઈ ગઈ હોય અને તેને ફફડાવી શકે તેમ પણ નહોય એ રીતે ચૂપચાપ ઊભાં હતાં.

# મોહ, માયાનો ત્યાગ અને જળકમળવત્ જીવન



**ગુલમહોર**
**દિનેશ દેસાઈ**

ભગવાન સ્વામિનારાયણ (તા.૩જી એપ્રિલ, ૧૭૮૧ – તા.૧લી જૂન, ૧૮૩૦) વિરચિત શિક્ષાપત્રી અનુસાર જે ભગવાનને ભજે છે તે સત્સંગીને અન્ન, ધન, વસ્ત્રે કરીને કોઈ દુઃખ કે સંકટ આવશે નહિ. ભગવાનનું આ અભયવચન છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે "ભગવાન ભજી લેવા." પ્રગટ બ્રહ્મસ્વરુપ ગુરુ પરંપરામાં ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખ સ્વામી મહારાજે પણ કહ્યું છે એનો સારાંશ એ જ છે કે "ભગવાન ભજી લેવા." બધા કામ પડતા મૂકીને ભજન કરી લેવું, ભગવાન ભજી લેવા.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે ઘરમાં, સંસારમાં રહેવું એ પણ ત્યાગીની પેઠે રહેવું. શરીર અને આત્માની ગહન વાત સ્વામી સરળ અને બોલચાલની ભાષામાં કરતા. ચોકો કરવો કે વાસીદું કરવું એ પણ ભક્તિનો માર્ગ છે, સેવા એ જ ધર્મ અને પરમાર્થમાં જ સકળ સુખ છે એ વાત તેઓ પોતાના સાદગીપૂર્ણ જીવન થકી સમજાવતા. છેવાડાના માનવીને પણ સમજાય એ ભાષામાં સત્સંગ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કરતા. "સ્વામીની વાતું" એ વાતનું પ્રમાણ છે.

વર્તમાન ગુરુ મહંત સ્વામી મહારાજ સાથે વિચરણમાં ઘણી બધી વાર ગામ-પરગામ સાથે જવાનું અને રહેવાનું બન્યું છે. મહંત સ્વામી કહેતા કે "જગતનું સૌથી મોટું સુખ મહારાજ અને સ્વામીની ભક્તિ છે. એથી મોટું કશું જ નથી. ધર્મ, સત્સંગ, ભક્તિ અને ઉપાસના જ દરેક દુઃખમાં સુખ આપનારી વાત છે. આ વિના જગતના સર્વ સુખ નકામા અને નાશવંત છે."

શ્રીજી મહારાજ અને સ્વામીનો સંદેશ કે માયાથી દૂર રહેવું. આ જ સંદેશ પરમહંસ ભગવદીય સંતોએ પણ આપ્યો છે કે સઘળી માયા અહીં જ રહેવાની છે, માયા મૂકીને સૌએ જવાનું છે. મોહ, માયાનો ત્યાગ કરીને જળકમળવત્ રહેવા મહારાજ-સ્વામીએ સંદેશ આપ્યો છે. શ્રીજી મહારાજે પોતાના સમયકાળમાં ભક્તે સહિત ભગવાનનો વિશિષ્ટ મત સ્થાપિત કરીને નર સહિત નારાયણનો સિદ્ધાંત સ્થાપિત કરીને છ મંદિરોનું નિર્માણ કર્યું. આ વિચારધારામાં જ સ્વામી સહિત નારાયણ અને અક્ષર સહિત પુરુષોત્તમની પૂજાનો સ્થાપિત સિદ્ધાંત છે. (૧) અમદાવાદ અને (૨) ભુજમાં શ્રી નરનારાયણ દેવ, (૩) વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ, (૪) ગઢડામાં શ્રી ગોપીનાથજી મહારાજ (૫) ધોલેરામાં શ્રી મદનમોહનજી મહારાજ અને (૬) જુનાગઢમાં શ્રી રાધારમણ દેવ પધરાવેલ છે.

**શ્રીજી મહારાજ અને સ્વામીનો સંદેશ કે માયાથી દૂર રહેવું. આ જ સંદેશ પરમહંસ ભગવદીય સંતોએ પણ આપ્યો છે કે સઘળી માયા અહીં જ રહેવાની છે, માયા મૂકીને સૌએ જવાનું છે**

સત્સંગ, પૂજા, ધ્યાન નિયમિત હોય. "સંગ તેવો રંગ" અથવા "સોબત તેવી અસર"ની સમજ આપતો એક પ્રેરક પ્રસંગ છે. એક રાજાને ત્યાં આવેલા મહેમાન રાજાએ બાજ પક્ષીના એક બચ્ચાની ભેટ આપી. બાજનું એક બચ્ચુ પોતાની પાસે રાખ્યું હતું. યજમાન રાજવીએ તો લાડકોડથી બચ્ચાને ઉછેર્યું. એને પ્રથમથી જ દૂધ, ફળ, વનસ્પતિ વગેરે સાત્વિક ખાવાનું આપવામાં આવ્યું. માંસાહારનો સ્વાદ પણ આ બચ્ચાએ ચાખ્યો નહોતો. એને વિવિધ રમતોની તાલીમ પણ આપવામાં આવી. મહેમાન રાજવીએ તો પોતાની પાસેના બાજના બચ્ચાનો સામાન્ય સ્થિતિમાં જ ઉછેર કર્યો હતો. જ્યારે યજમાન રાજાએ પેલા રાજવીને માહિતી આપી કે તેમણે ભેટમાં આપેલ બાજનું બચ્ચુ હવે મોટું થઈ ગયું છે અને વિવિધ કરતબ કરે છે, રમતમાં ભાગ લે છે તથા સંપૂર્ણ શાકાહારી છે. આ સાંભળીને મહેમાન રાજવીને તો માનવામાં જ ન આવ્યું કે બાજનું પક્ષી શાકાહારી કેવી રીતે હોઈ શકે? આખરે યજમાન રાજવીએ સમજાવ્યું કે કોઈ પણ જીવને બાળપણથી યાને પ્રથમથી જ જે પ્રકારની ટેવ પાડવામાં આવે, તેને જે પ્રકારનું વાતાવરણ પુરું પાડવામાં આવે તે પ્રકારની સ્થિતિ, સંજોગો, ટેવો અનુસાર ટેવાઈ જાય, ઘડાતું જાય છે.

ધર્મ, સત્સંગ, નિયમિત પૂજા, આરતી-સ્તુતિ, પ્રાર્થના, નિત્ય મંદિર દર્શન, નિત્ય ચેષ્ટા-લીલા, નિત્ય સંતસમાગમ વગેરે બાબતો આપણા જીવનનું સાચી દિશામાં ઘડતર કરવામાં સહાયરુપ અને સેતુરુપ બને છે. ધર્મનો પ્રભાવ એવો હોય છે કે ક્યારેક "શૂળીનો ઘા સોયથી ટળે." શ્રીજી મહારાજે પોતાના ઈષ્ટદેવ પાસે એવું વરદાન માગેલું છે કે "મારા સત્સંગીને જો એક વીંછીનું દુઃખ આવવાનું હોય તો મને એક કરોડ વીંછીનું દુઃખ ભલે આવે પણ મારા સત્સંગીને એવું દુઃખ ન આવે." હિન્દીમાં એક સરસ ઉક્તિ છે કે "તું મેરી જિકરમેં, તો મૈં તેરી ફિકરમેં..." જો તમે ભગવાનના શરણે છો તો ભગવાન પણ અવશ્ય તમને પોતાના શરણમાં જ રાખશે. ધર્મપાલન, પૂજા, દર્શન વગેરે નિર્દોષભાવે અને હૃદયપૂર્વક થાય એ જરુરી છે. ભગવાન સાથે કોઈ સોદાબાજી ન હોઈ શકે. આપણે માગવું ન પડે પરંતુ ભગવાનને આપણી સદૈવ ફિકર હોય.

**જસ્ટ ટ્વીટ :**

"Don't Blame, Make the Change"

– કોઈ ઉપર આરોપ મૂકવાના બદલે આપણી જાતને જ બદલી જોઈએ.

# ઓ ! પ્રિયા... પ્રિયા...!! ઈન આંખો કી મસ્તી કે મસ્તાનેં હજારોં હૈ...!!



**Hello ફ્રેન્ડસ!**
**સંજય થોરાત 'સ્વજન'**
mail@sanjaythorat.com

વેલેન્ડાઈન ડે ના દિવસે સવાર સવારમાં જ પ્રિયા મોબાઈલમાં આવી અને જે આઈબ્રો ઊંચી-નીચી કરીને બૉસ જે આંખ મારી છે કે ભલભલાની ગાલે લાલાશ આવી ગઈ... એક તો વેલેન્ટાઈન ડે અને એમાં આ છોરી તેરે નૈના, તેને નૈનાની જેમ જે 'એક આંખ મારું તો...' કરીને આવતાં અચાનક જ બધાં એ વીડિયો ક્લિપ જોનારાં ટીનએજમાં પહોંચી ગયા. સૌને પોતાની માધ્યમિક સ્કૂલના કલાસમેટ અને એમનાં પ્રિય પાત્રો-પ્રસંગો યાદ આવી ગયા... આંજ સુધી તો એવી અવસ્થા હતી કે બધાંના મોબાઈલમાં પ્રિયાની એ ૨૬ સેકન્ડની ક્લિપથી ગેલેરી ફૂલ હતી અને બૅક ઑફ ધ માઈન્ડ સૌનું પ્રિય પાત્ર...



પ્રિયા પ્રકાશ વોરિયર એ નામ બધાંના મોંઢે હતું. એણે એક જ દિવસમાં દુનિયાને ઘેલું લગાડ્યું. હવે આ ડિયર પ્રિયા આ ગીતમાં શું કરે છે? અને શેનાં કારણે આટલી લોકપ્રિય થઈ એ કહેવાની જરૂર ખરી ! અબ ય તો દેશકા બચ્ચા બચ્ચા જાનતા હૈ, પણ હજુ કેટલાંય એવા પાષાણ કોરા રહી ગયા હશે, એમને તો આ 'ચલાઓ ના નૈંનો સે બાણ રે, જાન લે લો ના જાન રે...' કહાની, સોરી પ્રેમી કહાની કહેવી તો જોઈએ જ ને ?હા, તો એનું નામ પ્રિયા પ્રકાશ વોરિયર, ઉંમર વર્ષ અઢાર, અભ્યાસ કોમર્સના પ્રથમ વર્ષની વિદ્યાર્થીની... ફિલ્મનું નામ 'ઓરૂ અડાર લવ' અને એના સ્કૂલી પ્રેમગીતની એક સ્વાઈન ફ્લુ કરતા વધુ ઝડપે ફેલાયેલા વીડિયો ક્લિપની સાઈડ હીરોઈન....

'માણિક્ય મલરાય પૂવી' આ ગીત સ્કૂલના કેમ્પસમાં વાગી રહયું છે. એક ગ્રુપ એમનાં વાદ્યવૃંદ સાથે ગીત ગાતાં હોય છે, ત્યાં એક છોકરો એની આઈ બ્રો ઊંચી-નીચી કરીને મસ્તીના અંદાજમાં આંખોથી પૂછે છે, 'કેમ ?' મજામાં ને ? પેલી છોકરી પણ એને એની જ ભાષામાં આઈ બ્રો ને નચાવીને કહે છે, 'એકદમ મસ્ત' પછી પેલો છોકરો ફટાફટ આઈબ્રે નચાવે છે અને એને જવાબ આપવા પ્રિયા આઈ બ્રો ઊંચી કરી એકદમ આંખ મારે છે, અને પેલા છોકરાને તો આવું અનઅપેક્ષિત હોવાથી એ બોલ્ડ થઈ જાય છે. અડધી મિનિટના આ ખેલમાં પ્રિયા અને એનાં પ્રેમીઓ જે પ્રેમના ભાવ વ્યક્ત કર્યા છે એમાં ભલભલા મોહી ગયાં છે...

પ્રિયા પ્રકાશ વોરિયરની એક વીડિયો ક્લિપે વેલેન્ટાઈન ડે ને વાઈબ્રેટ કર્યો છે તો એ વગર માર્કેટીંગે ઘરોઘર પહોંચી ગઈ છે. ૨૬ સેકન્ડના એ વીડિયો ક્લિપિંગમાં એના એક્સપ્રેશને, આઈ બ્રો ઊંચી કરવાની અલ્લડ અદા અને સ્માઈલ પર માત્ર યુવાનો જ નહીં પણ જેના હૃદયમાં પ્રેમ ધબકે છે એવાં બધાં જ ફિદા થયા છે. સુનામી કે ઓખીની ઝડપ કરતાં વધુ વેગે એ સોશિયલ મીડિયા પર 'ઓ પ્રિયા... પ્રિયા...' થઈ ગયું છે. એક જ દિવસમાં પ્રિયા ઈન્ટરનેટ સેન્સેશન બની ચૂકી છે. એણે કદાચ પોતે પણ નહીં ધાર્યું હોય કે બૅબી ડૉલ સની લીયોની કરતાં પણ લોકો વધુ ગૂગલ સર્ચ કરશે !

**અલી! આંખ મારી તેં તો ભારે કરી,**
**કરી દુનિયા ગાંડી તેં તો ભારે કરી.**
**આખું યૌવન હીલોળે ચઢ્યું છે,**
**મારો હાથ દાબી તેં તો ભારે કરી!**

વેલેન્ટાઈન ડે એ ધૂમ મચાવનાર પ્રિયાએ ગુગલ સર્ચમાં માત્ર સની લીયોની નહીં પણ દિપીકા પાદુકોણ, કેટરીના કૈફ અને આલિયા ભટ્ટને પણ પાછળ પાડી દીધી છે. 'પ્રિયા પ્રકાશ' નામથી સર્ચ થતી આ લવલી ટીનેજર ગર્લ્સે પંજાબ નેશનલ બેંકના કરોડોના ફ્રોડના આઘાતને પણ ભૂલાવી દીધો છે.

પ્રિયાએ ઈન્સ્ટાગ્રામ પર અને દીગ્ગજોના રેકોર્ડ બ્રેક કરી દીધા છે. એને માત્ર એક જ દિવસમાં ૬ લાખ લોકોએ ફોલો કરી છે. અને સોશિયલ મીડિયા પર સર્વાધિક ફોલો કરનારા સેલિબ્રિટીની યાદીમાં પ્રિયા અમેરિકન મોડેલ કાઈલી જેનર અને ફૂટબોલ પ્લેયર રોનાલ્ડોની લાઈનમાં પહોંચી છે. અમેરિકન કાયલી જેનરને એક દિવસમાં આઠ લાખથી વધુ તો રોલાન્ડોને એક દિવસમાં સાડ છ લાગથી વધુ લોકોએ ઈન્સ્ટાગ્રામ પર ફોલો કર્યા હતા ત્યાં પ્રિયાને છ લાખ લોકોએ ગમાડીને ત્રીજા નંબરે પહોંચાડી દીધી છે !

'ઓરુ અદાર લવ' મલિયાલમ ફિલ્મથી એન્ટ્રી કરનારી એ દક્ષિણ ભારતીય હીરોઈન છે. એના પપ્પા સેન્ટ્રલ એકસાઈઝ ડિપાર્ટમેન્ટમાં કામ કરે છે. બી.કોમના પ્રથમ વર્ષમાં ભણતી પ્રિયાને નાનો ભાઈ છે. એ ગર્લ્સ કૉલેજમાં ભણતી હોવાથી ત્યાં કોની સાથે વેલેન્ટાઈન ડે મનાવે ? પણ ફિલ્મનો એનો હીરો અબ્દુલ રઉફ અત્યારે પડદા પરનો વેલેન્ટાઈન છે. એણે મોહિની અટ્ટનમ શાસ્ત્રીય નૃત્યની તાલીમ સાથે ગાયનનો પણ રિયાઝ કર્યો છે. એને બોલીવુડ સિંગર અરીજીતનો અવાજ પસંદ છે અને એમાં પણ 'ચન્ના મેરેયા' ગીત ફેવરીટ છે.

પ્રિયાને પ્રસિદ્ધિ મળી એટલે એનો વિરોધ કરનારા પણ જાગી ઉઠ્યા છે. સ્કૂલની વિદ્યાર્થીની, સ્કૂલના જ કાર્યક્રમમાં શિસ્તપૂર્વક ઊભાં રહેવાની જગ્યાએ આઈ બ્રો ઊંચી-નીચી કરી આંખો મારે? આ બધું ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધમાં છે, કહીને લાગી પડ્યાં છે. એ જ પાછા પ્રિયાની વીડિયો ક્લિપ એમના જ મોબાઈલમાં અનેકવાર જોઈ ચૂકયા હશે! નાત-જાતના ઝેર ઓકનારા એવું પણ ગોતી કાઢે કે જુઓ પ્રિયા કે હિન્દુ છોકરી છે અને એનો હીરો રોશન રઉફ મુસલમાન છે, આ તો લવ જેહાદનો મામલો બને છે!

પ્રિયાના આ ગીતના શબ્દો પર પણ વિરોધના વંટોળ ઉઠ્યો છે. માપિલ્લા પટ્ટુ નામથી ઓળખાતું આ ગીત મલિયાલમ લોકસંગીત અને એમાં અરબી, ફારસી, ઉર્દૂ, તમીલ શબ્દોના મિક્ષણથી તૈયાર થયું છે જે સ્થાનિક મુસ્લિમ બોલીનું સંગીત છે. 'માણિક્ય મલરાય પૂવી' એ નવું ગીત નથી, પણ અગાઉ આવેલું લોકપ્રિય ગીત છે. આ ગીત એ પૈગંબર, એમની પત્ની અને શિષ્યા ખદીજાના પ્રેમભાવનું ગીત છે. એમાં ખદીજાનું વર્ણન મોતીના ફુલ જેવી સ્ત્રી એમ કર્યું છે. ખદીજાએ પયગંબરને જોતાં જ એમનાં પ્રેમમાં પડે છે અને પયગંબર સાથે નિકાહનો પ્રસ્તાવ મોકલે છે. એવી ઑફબીટ વાત આ ગીત સાથે સંકળાયેલી છે.

પ્રિયા પ્રકાશ વોરિયરની ટિપીકલ ટીનએજ લવસ્ટોરી 'ઓરુ અડાર લવ' મલિયાલમ ફિલ્મમાંથી હિન્દી વર્જન થઈને આવત તો પણ એ કેટલી ફેમસ થાત એ તો ભગવાન જાણે પણ 'તેરે નૈના... તેરે નૈના...' જેવા નૈન મટક્કાએ પ્રિયા અને ફિલ્મ બંનેને રાતોરાત ચર્ચાને ચકડોળે ચઢાવી ફેમસ કર્યાં છે... આ ફિલ્મ એ કંઈ એક જ જોડીની પ્રેમકથા નથી પણ આમાં ચાર છોકરા-છોકરીની લવસ્ટોરી છે અને એમાં પ્રિયાની એક જોડ છે મુખ્ય હિરોઈન પણ નથી !

પ્રિયાની એક આંખ મારવાની સ્ટાઈલ પર 'ઈન આંખો કી મસ્તી કે મસ્તાનેં હજારોં હૈ...' સાબિત થયું છે અને સાથોસાથ ભીનું હૈયું ધરાવતાં સૌને એમનાં પ્રેમી-પ્રેમીકાની પ્રાથમિક યાદો તાજા કરાવી દીધી છે. કોલાવરી ડી અને ગંગનમ્ બાદ પ્રિયા સેન્સેશન બની છે. અત્યારે આમ પણ પદ્માવતી, પકોડા, પંજાબ નેશનલ બેંક અને પ્રિયા પ્રકાશ લાઈમ લાઈટમાં છે, એટલે કન્યા રાશીના અચ્છે દીન છે, એમ પ્રિયાની જેમ જ આઈ બ્રો ઊંચી-નીચી કરી આંખ મારી કહેવામાં કંઈ વાંધો નથી !

***ચૂંટલો*** **:** 'આંખ મારો હો લડકી આંખ મારે...' આઈ બ્રો નચાવતી પ્રિયાએ આંખ મારીને રાતોરાત નેશનલ ક્રશ બની છે. પ્રિયાની દિવાનગી એવી છે કે લોકો એના ફોટો-વીડિયો ડાઉનલોડ કરવા ક્રેઝી છે. પણ અત્યારે 'ટેક્સ બોમ્બ' કરીને એક વાયરસ પણ પ્રિયાને નામે ઘુસાડાય છે જે એક આંખ મારતી પ્રિયાને જોવા જતાં મોબાઈલને જ આંધળો કરે છે!